આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અસરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-03-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## સંસદનું શિયાળુ સત્ર

ચાલુ શિયાળુ સત્રમાં સંસદની કાર્યવાહી સુચારૂરૂપે ચાલે અને ખોરવાય નહીં તે માટે સરકાર અને વિરોધ પક્ષો સહમત થયા છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગઈકાલે સંસદ ભવનમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન શ્રી બિરલાએ તમામ સભ્યોને ગૃહની કાર્યવાહી અવિરત રીતે ચાલવા દેવા વિનંતી કરી હતી. બેઠકમાં, નેતાઓ લોકસભાની કાર્યવાહી અવિરત ચાલે તે સુનિશ્ચિત કરવા સહમત થયા હતા.

**RNU અમદાવાદ**

---

## મેડિકલ કોલેજો

દેશમાં એક દાયકામાં મેડિકલ કોલેજની સંખ્યા બમણી થઈને **780** થઈ છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારોને કહ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર આરોગ્ય ક્ષેત્રને સસ્તું અને સુલભ બનાવી રહી છે. વર્ષ **2014**માં દેશમાં **387** મેડિકલ કોલેજ હતી, પરંતુ એક દાયકામાં તેમની સંખ્યા બમણી થઈને **780** થઈ ગઈ. તેમણે કહ્યું કે આયુષ્માન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ **70** વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોને મફત સારવારની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## પ્રાથમિક શાળાઓ - અલ્પાહાર

રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે. રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના બાળ વાટિકાથી ધોરણ- 8 સુધીના વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ રાજ્યની ૩૨ હજાર ૨૭૭ શાળાના અંદાજે ૪૧ લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં આવશે. રાજ્ય સરકાર આ યોજના માટે વાર્ષિક ૬૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. પ્રધાનમંત્રી પોષણ યોજનાના માનદ વેતનધારક સંચાલકને હવે ૪૫૦૦ રૂપિયાનું માસિક માનદવેતન, ૨૬ કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓના રસોઇ. કૂક કમ હેલ્પરને માસિક ૩ હજાર ૭૫૦ રૂપિયા તથા નાની શાળાઓ માટે વધારાના સ્ટાફ-હેલ્પરને માસિક ૧૫૦૦ રૂપિયાનું માનદવેતન આપવામાં આવશે.

RNU અમદાવાદ

---

RNUBHUJ

## રેશનકાર્ડ – ઈ-કેવાયસી

**e-KYC** ઝુંબેશ અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ પોણા ત્રણ કરોડથી વધુ નાગરિકોનું **e-KYC** પૂર્ણ કરવામાં આવ્યું છે.

અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ આજે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે, 'માય- રેશન એપ', ગ્રામ પંચાયત, જનસેવા કેન્દ્રો, પોસ્ટ ઓફિસ, બેંક, આંગણવાડી વગેરેના માધ્યમથી **e-KYC** કરી શકાય છે.

શ્રી બાવળિયાએ વધુમાં જણાવ્યું હતું કે, **e-KYC**માં નાગરિકોને વધુ સરળતા રહે તે માટે નવી ૧,000 આધારકીટનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, **e-KYC** પુરવઠા વિભાગ તરફથી થાય છે પરંતુ તેનો સંપૂર્ણ આધાર **UID** એટલે કે આધારકાર્ડ ઉપર છે. આધારકાર્ડનાં નામ/અટકનાં સુધારા ન થાય ત્યાં સુધી **e-KYC** થતું નથી.

દરમ્યાન, પુરવઠા શાખા ભુજ દ્વારા પણ એક યાદી બહાર પાડી જણાવ્યું છે કે, ગ્રામ્ય વિસ્તારમાં ઈ-કેવાયસી કરાવવા માટે વીસીઈ, વ્યાજબી ભાવના દુકાનદાર તેમજ શહેરોમાં નગરપાલિકા, વ્યાજબી ભાવના દુકાનદાર અને મામલતદાર કચેરીએ આ કામગીરી કરી શકાશે. માય રાશન એપ્લીકેશનની મદદથી પણ ઘરે ઈ-કેવાયસી કરી શકાશે તેમ પણ યાદીમાં જણાવાયું છે.

અસરફ નથવાણી

--------------------------------------------------------------------------

## ઘોરાડ – કેન્દ્રીય સમિતિની કચ્છની મુલાકાત

**ઘોરાડની લુપ્ત થતી સંખ્યાને લઇને સુપ્રીમ કોર્ટે રચેલી નિષ્ણાત સમિતિ કચ્છ ની મુલાકાતે આવી છે. ટીમે અબડાસા તાલુકામાં ભાનાડા, લાલા અને બુડિયામાં નિરીક્ષણ કરી અભયારણ્ય વિશે માહિતી મેળવી હતી. ત્યારબાદ આ સમિતિએ ભાચુંડામાં આવેલા 220 કે.વી. વીજ સબ સ્ટેશનના અધિકારીઓ, ગેટકો અને વન વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. પાવરલાઇન અંડરગ્રાઉન્ડ સહીત નિરાકરણ મુદ્દે વિચારણા કરવામાં આવી હતી. બાદમાં તેમણે નલિયાના ઘાસીયા મેદાન નિહાળ્યા હતા.**

**દરમ્યાન, આજે ભુજમાં કલેક્ટર કચેરી ખાતે આ કમિટી વિવિધ હિત ધારકો સાથે બેઠક યોજશે. જેમાં કચ્છના નિષ્ણાતો અને અનુભવીઓ ઘોરાડ મુદ્દે પોતાની રજૂઆત કરશે. બીજીતરફ પાવરલાઇન કંપનીઓ સાથે પણ બેઠકોનો દોર યોજાશે તેમ પણ જાણવા મળ્યું છે.**

અસરફ નથવાણી

---

## પૂર્વ ધારાસભ્ય નેમજી કેનિયાનું નિધન

પૂર્વ ધારાસભ્ય અને સ્વાતંત્ર્યોતર પેઢીના કચ્છી આગેવાન નેમજી કેનિયાનું 86 વર્ષની વયે નિધન થયું છે. મુંદરાના બારોઈના વતની અને લાંબા સમયથી અંજાર સ્થાયી થયેલા બહુમુખી પ્રતિભા ધરાવતા અને કચ્છ ઉપરાંત અમદાવાદ અને મુંબઈમાં વિવિધ પદો પર રાજકીય, સામાજિક અને શૈક્ષણિક નૈતૃત્વ શ્રી કેનિયાએ પુરૂ પાડ્યું હતું.

અસરફ નથવાણી

---

## નૌકાદશ

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ જણાવ્યું છે કે ભારતીય નૌકાદળમાં આગામી 10 વર્ષમાં 96 જહાજ અને સબમરીન સામેલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, 62 જહાજો અને એક સબમરીન નિર્માણાધીન છે અને આવનારા વર્ષોમાં આત્મનિર્ભર અભિયાનના ભાગરૂપે ભારતીય નૌકાદળમાં વધુ જહાજો અને સબમરીનને સામેલ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

અસરફ નથવાણી

---------------------------------------------------------------------------

RNUBHUJ